| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૯/૦૫/૨૦૨૦ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૭૭૨/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૫/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૭૪૦૦ | ૧૩૭ | ૭૫૩૭ | ૧૩૩૮૦ | ૯૯ | ૧૩૪૭૯ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૩૪૨૫ | ૬૧ | ૩૪૮૬ | ૪૮૮૪ | ૬૮ | ૪૯૫૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૬ | 3 | ૧૯ | ૧૧૦ | ૦ | ૧૧૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૧૭૫ | ૨૧૮ | ૨૩૯૩ | ૨૫૯૮ | ૨૪૫ | ૨૮૪૩ |
| કુલ | | ૧૩૦૧૬ | ૪૧૯ | ૧૩૪૩૫ | ૨૦૯૭૨ | ૪૧૨ | ૨૧૩૮૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૫૮ | ૭૨,૦૦૦/- |

# જાહેરનામાનો ભંગ કરતા આરોપીની અટકાયતની વિગત

## સરદારનગર પોલીસ સ્ટેશન :-

**COVID-19 વાયસર અનુસંધાને મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના જાહેર નામાનો ભંગ કરતા અલગ અલગ ૧૨ ગુનામા કુલ ૧૫ ઇસમોની અટકાયત કરતી સરદારનગર પોલીસ**

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રીસેક્ટર-૨, નાઓ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'જી' ડિવીઝન અમદાવાદ શહેર તથા સિનિ. પોલીસ ઇન્સ્પેક્ટર એચ.બી.પટેલ સા. નાઓની સુચનાથી હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ હોય તેમજ હાલ મા અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટ્રીએ ગીચ એન ભીડભાડ વાળો હોઇ નોવેલ કોરોના વાયસ ઝડપથી સંક્રમણ ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગાલ રૂપે લોકોની વધુ અવર –જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ ચાર કરતા વધુ માણસો ભેગા ન થાય તે સારૂ ગુજરાત સરકારના ગ્રુહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ નોટીફિકેશન નં.જીજી/૪૨૨/સીઆસી/૧૦૮૨/એમ તથા ગ્રુહ વિભાગ તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકા/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે જાહેરનામા ક્રમાંક વિશા/જાહેરનામુ/એ-સેકશન/પરમીટ-૧૬/૨૦૨૦ તા.૧૪/૦૪/૨૦૨૦ થી જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો મળે આવતા તેમના વિરુધ્ધ તારીખ.૦૮/૦૫/૨૦૨૦ ના રોજ ધી.ઇ.પી.કો કલમ ૧૮૮ તથા જીપીએક્ટ કલમ -૧૩૫ તથા એપેડમીક ડીસીઝ એક્ટ કલમ ૩ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**સરદારનગર પોલીસ સ્ટેશન**

કુલ્લે – ૧૨ કેસ કરવામા આવેલ છે

ઉપરોક્ત ગુના પૈકી બે કે ત્રણ આરોપી હોય તેવા કેસ = ૧૨

**આરોપીઓના નામ સરનામા** – (૧) અરવિંદભાઇ છગનભાઇ જાતે-સલાટ ઉ.વ.૩૦ રહે,નંદીગ્રામ સોસાયટી પાછળ ટેકરા ઉપર કાચા છાપરામાં સરદારનગર અમદાવાદ શહેર +૧૪=૧૫



**શાહીબાગ પોલીસ સ્ટેશન :-**

## નોવેલ કોરોના COVID-2019 વાયરસ અનુસંધાને મે.પોલીસ કમીશ્નરશ્રીની કચેરીના જાહેરનામાંનો ભંગ કરતા ૨૮ ઇસમોની અટકાયત કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'એફ'ડીવીઝન, અમદાવાદ શહેર તથા સિનિ.પો.ઈન્સ.શ્રી એ.કે.પટેલ સા.ની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-2019 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમજ ભારતમાં પણ COVID-2019 ના કેસો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેસો પ્રકાશમાં આવેલ હોય તેમજ અમદાવાદ શહેર વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળો હોઇ નોવેલ કોરોના વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ લોકો વાહનો ઉપર તેમજ વ્યાજબી કારણ વગર રોડ-રસ્તાઓ ઉપર ફરે નહી તે સારૂ પેટ્રોલીંગ દરમ્યાન મોબાઇલ ગાડીઓ દ્વારા જાહેર જનતાને કોરોના વાયરસ બાબતે વારંવાર લાઉડ સ્પીકર દ્વારા સુચનાઓ આપેલ હોવા છતા મે.પોલીસ કમીશ્નરશ્રીની કચેરીના જાહેરનામા ક્રમાંક:વિ.શા/જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૦/૨૦૨૦ તા.03/૦૫/૨૦૨૦ નો ભંગ કરનાર ૨૮ ઇસમોને આજરોજ તા.૦૮/૦૫/૨૦૨૦ પકડી અટક કરી તેમના વિરુધ્ધમાં ધી ઇપીકો કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-3 તથા જીપીએકટ કલમ-૧૩૫ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ ૨૦૦૫ ની કલમ-૫૧ (બી) મુજબ જાહેરનામા ભંગના કુલ-૦૫ કેસો કરવામાં આવેલ છે.

### આરોપીઓના નામ ;-

(૧) દશરથભાઇ નંદાજી ભીલ ઉ.વ.૫૦ રહે.જયરામદાસની ચાલી,રણછોડપુરા ભીલવાસ, શાહીબાગ,અમદાવાદ શહેર + ૨૭ =૨૮

## કામગીરી કરનાર અધિ./કર્મચારી;-

પો.સબ.ઇન્સ.આર.પી.ડાભી તથા અ.મ.સ.ઇ.વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો. પ્રદિપસિંહ શીવસિંહ બ.ન.૯૬૬૭ તથા અ.હે.કો. રોહીતસિંહ રણજીતસિંહ બ.ન.૫૬૮૨ તથા અ.પો.કો. રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો. ભુપેન્દ્ર કરશનભાઇ બ.નં-૪૬૧૮ તથા અ.પો.કો.સુરેન્દ્રસિંહ દોલતસિંહ બ.નં.૮૮૦૫ તથા અ.પો.કો.કીરપાલસિંહ અનવરસિંહ બ.નં.૮૮૨૧



## ઇસનપુર પોલીસ સ્ટેશન :-

## કોરોના બિમારીની મહામારીમા મે.પોલીસ કમિશ્નર સાહેબના જાહેરનામા ભંગના-૦૮ કેસ કરતી ઇસનપુર પોલીસ

હાલમા વિશ્વમા કોરોના વાયરસ **COVID-19** ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય અને સરકાર શ્રીએ લોકડાઉન જાહેર કરેલ હોય અને અમદાવાદ શહેર વસ્તીની દ્રષ્ટીએ ગીચ અને ભીડભાડવાળુ હોય નોવેલ કોરોના વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા ખાતર મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેરનાઓએ સી.આર.પી.સી કલમ ૧૪૪ મુજબનુ જાહેરનામુ બહાર પાડેલ હોય લોકડાઉનનુ પાલન થાય અને મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રીના જાહેરનામાનો ભંગ થતો અટકાવવા માટે પોલીસ ઇન્સપેકટર શ્રી જે.એમ.સોલંકી સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ તથા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડા તથા સર્વેલન્સ સ્કોડ નાઓએ આજરોજ તા.૦૮/૦૫/૨૦૨૦ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાનમા પેટ્રોલીંગ ફરતા ફરતા જુદા-જુદા વિસ્તારમાથી લોકડાઉન હોવા છતા અને મે.પોલીસ કમિશ્નર સાહેબનુ જાહેરંનામુ અમલમા હોવા છતા કોઇ સત્તાધીકારીની મંજુરી મેળવ્યા વગર જાહેરમા કામ વગર આંટાફેરા કરતા ઇસમોને તથા દુકાન ચાલુ રાખતા ઇસમોને પકડી પાડી મે પોલીસ કમિશ્નર સાહેબ.શ્રી અમદાવાદ શહેરનાઓના જાહેરનામા ભંગના કુલ-૦૮ કેસ કરવામા આવેલ છે તારીખ.૦૮/૦૫/૨૦૨૦

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :-

## નોવેલ કોરોના વાયરસ COVID-19 અનુસંધાને લોક ડાઉન દરમ્યાન CRPC કલમ- ૧૪૪ ના જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ કાર્યવાહી કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨, નાઓ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ સાહેબ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ‘ જી ’ ડિવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય તેમાજ ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ હોય તેમજ અમદાવાદ શહેરમાં પણ કેસો નોંધાયેલ હોય જે અનુસંધાને તકેદારીના પગલા રુપે લોકોની વધુ અવર જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટ્કાવવા સારુ તેમજ લોકો વ્યાજબી કારણ સિવાય રોડ ઉપર ફરે નહિ તે સારુ પેટ્રોલીંગ દરમ્યાન મોબાઈલ ગાડીઓ દ્વારા જાહેર જનતાને કોરોના વાયરસ બાબતે લાઉડ સ્પીકરથી સુચનાઓ આપેલ હોવા છતા મે.પોલીસ કમિશ્નર શ્રીની કચેરીના જાહેરનામા ક્રમાંક- વિ.શા/જાહેરનામુ/એ/સેકશન/પરમીટ/૨૦/૨૦૨૦ તા.૩/૫/૨૦૨૦ નો ભંગ કરનાર કુલ - ૧૩ ઈસમોને અટક કરી તેમના વિરુધ્ધમાં ઈ.પી.કો.કલમ-૧૮૮ તથા ધી એપેડમીક ડીસીઝ એક્ટ ૧૮૯૭ ની કલમ ૩ તથા ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ અલગ અલગ જાહેરનામા ભંગના કુલ - ૧૩ કેસો કરેલ છે. જે પૈકી ૦૨ કેસ વીડીયોગ્રાફીના કરવામાં આવેલ છે તેમજ ૦૧ કેસ કંટ્રોલ મેસેજ આધારે કરવામાં આવેલ છે.

## આરોપીઓના નામ-:

(૧) જેઠાનંદ s/0 ભોજરાજ આસુદાની ઉ.વ.૪૫ રહે- મ.નં ૩૮૧/એ, સિંધી કોલોની, સરદારનગર શાક માર્કેટ પાસે, સરદારનગર, અમદાવાદ શહેર (૨) નંદલાલ s/0 સુંદરદાસ હરજાણી ઉ.વ.૬૨ રહે- આર્ય સમાજની મંદીરની બાજુમાં, રાજા માધવદાસના મકાનમાં જય અંબે ચવાણાની ગલી, સરદારનગર, અમદાવાદ શહેર (૩) દિનેશભાઈ s/0 લક્ષ્મીચંદ સેવરામાની ઉ.વ.૪૯ રહે- મ.નં ૪૦૪/બી, સિંધી કોલોની, સરદારનગર શાક માર્કેટ પાસે, સરદારનગર, અમદાવાદ શહેર (૪) અરુણભાઈ s/0 શંભુભાઈ પરમાર ઉ.વ.૩૭ રહે- મ.નં સી/૪૫ જય યોગીરાજ એપાર્ટમેન્ટ, હરી કૃષ્ણ સોસાયટી પાસે, આંબાવાડી સરદારનગર, અમદાવાદ શહેર (૫) નવીન s/0 ગુલાબરાય મોઢવાની ઉ.વ.૪૯ રહે- મ.નં ૪૦૪/બી, સિંધી કોલોની, સરદારનગર શાક માર્કેટ પાસે, સરદારનગર, અમદાવાદ શહેર (૬) રવિ s/0 ચંદ્રલાલ આહુજા ઉ.વ.૩૪ રહે- મ.નં ૩૫૨, સમરથનગર, અંબાજીમાતાના મંદીર પાસે, સરદારનગર, અમદાવાદ શહેર (૭) જયેશ ઉર્ફે જયુ s/0 પ્રહલાદભાઈ સોલંકી ઉ.વ.૨૦ રહે- મ.નં ૨૫૬ રમેશ દત્ત કોલોની , રવિ પેટ્રોલ પંપની પાસે, કૃષ્ણ ધામ સોસાયટી

ની સામે, સરદારનગર, અમદાવાદ શહેર (૮) લાલભાઈ s/0 કનૈયાલાલ જેસવાની ઉ.વ.૫૪ રહે- મ.નં. ૧ ભગવતી એપાર્ટમેન્ટ, એવરગ્રીન સ્કૂલ પાસે, જવાહર કોલોની, સરદારનગર, અમદાવાદ શહેર (૯) પ્રશાંત s/0 પ્રદીપભાઈ રોય ઉ.વ.૨૮ રહે- મ.નં ૫૬૪/બી જવાહર કોલોની ભગવતી એપાર્ટમેન્ટ સામે, સરદારનગર, અમદાવાદ શહેર (૧૦) શીતલભાઈ s/0 હરીરામ જગ્યાસી ઉ.વ.૫૫ રહે- મ.નં. ૭૫૮/૬ આંબાવાડી, એરપોર્ટની દિવાલ પાસે, સરદારનગર, અમદાવાદ શહેર (૧૧) પ્રદીપ s/0 પ્રકાશભાઈ પમનાણી ઉ.વ.૩૪ રહે- મ.નં ૮, હરીકૃપા ફ્લેટ, ભગવતી એપાર્ટમેન્ટ ની બાજુમાં, જવાહર કોલોની, સરદારનગર, અમદાવાદ શહેર (૧૨) મહેન્દ્રભાઈ s/0 ભુરાજી રાંગી ઉ.વ.૪૯ રહે- મ.નં. એ/૪, હરીકૃષ્ણ સોસાયટી, જવાહર કોલોની સામે, સરદારનગર, અમદાવાદ શહેર (૧૩) પ્રકાશવતીબેન S/O રાજેન્દ્રસિંગ પરીહાર ઉ.વ.૬૦ રહે. મ.નં ૧૩૭/એ જય શક્તિનગર, નર્સરીની પાછળ, હાંસોલ, સરદારનગર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) પોલીસ ઈન્સ્પેક્ટર કે.સી.રાઠવા (૨) મ.સ.ઈ. સુરેશભાઈ લક્ષ્મણભાઈ બ.નં ૭૯૩૩ (૩) અ.હે.કો. રમેશભાઈ મંગળભાઈ બ.નં ૯૫૧૪ (૪) અ.પો.કો. અલ્પેશસિંહ પ્રવીણસિંહ બ.નં ૮૬૯૦ (૫) અ.પો.કો. શક્તિસિંહ મહાવીરસિંહ બ.નં ૪૫૯૭ (૬) અ.પો.કો. અલ્પેશસિંહ ભવાનસિંહ બ.નં ૪૧૪૦ (૭) અ.પો.કો. ગણેશભાઈ ધર્માભાઈ બ.નં.૭૧૮૭ (૮) અ.પો.કો. જગદીશભાઈ જયંતીભાઈ બ.નં ૮૪૯૩ (૯) અ.પો.કો. બળવંતસિંહ કનુસિંહ બ.નં ૩૧૧૫ (૧૦) અ.લો.ર. પ્રવીણભાઈ દીતાભાઈ બ.નં ૮૮૯૪

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## તા.૦૮/૦૫/૨૦૨૦ ના રોજ લોકડાઉન દિન-૪૫ દરમ્યાન COVID-19 વાયરસ અનુસંધાને મે,પોલીસ કમિશ્નર શ્રીની કચેરીના જાહેરનામાનો ભંગ કરતા ૪૫- મહિલા/ઇસમોની અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મે,પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ મદદનીશ પો.કમિશ્નર શ્રી " જી " ડિવીઝન અમદાવાદ શહેર તથા પો.ઇન્સ શ્રી જે.કે.રાઠોડ સાહેબ નાઓની સુચના આધારે હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરેલ હોય અને ભારતમાં પણ COVID-19 ના કેશો નોધાયેલ હોય તેમજ હાલમાં અમદાવાદ ખાતે પણ શંકાસ્પદ કેશો પ્રકાશમાં આવેલ હોય અને અમદાવાદ શહેર વિસ્તાર વસ્તીની દષ્ટ્રીએ ગીચ અને ભીડભાડ વાળૉ હોય નોવેલ કોરોના વાયરસ જડપથી સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલા રૂપે લોકોની વધુ અવર જવર વાળા જાહેર અને ખાનગી સ્થળૉએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ તેમજ કોઇપણ જગ્યાએ ચાર કરતા વધુ માણસો ભેગા ન થાય તે સારૂ મોબાઇલ ગાડીઓ દ્વારા જાહેર જનતાને કોરોના વાયરસ બાબતે વારંવાર લાઉડ સ્પીકર દ્વારા સુચનાઓ આપેલ હોવા છતા આજરોજ તા.૦૮/૦૫/૨૦૨૦ ના રોજ લોકડાઉન ના દિન-૪૫ ને લઇને સવારના ક.૦૭/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ-અલગ જગ્યાઓએ રોડ ઉપર જાહેરમાં કોઇપણ જાતના વ્યાજબી કારણ વગર આંટા ફેરા મારતા ૪૫-મહિલા/ઇસમો મળી આવેલ અને તેઓ તમામે મે,પોલીસ કમિશ્નર શ્રી ની કચેરીના જાહેરનામાં ક્રમાંક/વિ,શા/એ-સેકશન/પરમીટ/૨૦/૨૦૨૦ તા.૦૪/૦૫/૨૦૨૦ નો ભંગ કરતા અલગ-અલગ કુલ્લે ૪૫-મહિલા/ઇસમો ની અટક કરી તેઓના વિરૂધ્ધમાં ધી.ઇ.પી.કો.કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ની કલમ ૦૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન એકટ ૨૦૦૫ ની કલમ ૫૧(બી) મુજબ કુલ્લે-૩૮ કેસો કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તા.૦૮/૦૫/૨૦૨૦

## આરોપીઓના નામ:-

બાલુભાઇ સ/ઓ ભીમજીભાઇ જાતે રૈયાણી ઉ.વ.૫૨ રહે,મ.નં-૩,શ્રીધર બંગ્લોઝ યુનીયન બેન્ક ની સામે નિકોલ અમદાવાદ શહેર +૪૪=૪૫

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.હેડ.કોન્સ હિતેષકુમાર જેસંગભાઇ બ.નં-૬૯૩૭ તથા અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં-૫૦૭૧ તથા પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩ તથા વન ગાડી,થ્રી ગાડી પી.સી.આર-૪૭,૮૦ તેમજ મોબાઇલ વાન

## આરોપીઓનો ફોટો



# <u>ડીજીટલ પેમેન્ટના માધ્યમથી પૈસાની ચુકવણી</u>

## <u>રામોલ પોલીસ સ્ટેશન :-</u>

રામોલ પોલીસ સ્ટેશનના વસ્ત્રાલ વિસ્તારમાં કુલ ૧૫૦ જેટલા દૂધ પાર્લર અને મેડિકલ સ્ટોર ઉપર ડિજિટલ પેમેન્ટ ના માધ્યમથી પૈસાની ચુકવણી કરીદૂધ તેમજ દવા લેવા માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે તમામ દૂધ પાર્લર તેમજ મેડિકલ સ્ટોર ઉપર google pay પેટીએમ phonepe ના ક્યુ આર કોડ ટેગ નેસ્કેન કરી વસ્તુની ખરીદી કરવામાં આવી રહી છે લગભગ તમામ દુકાનદારો અને મોટા ભાગના ગ્રાહકો આ ડિજિટલ પેમેન્ટ ના માધ્યમથી વસ્તુ ખરીદી રહ્યા છે અને કોરોના સંક્રમણથી બચી રહ્યા છે






# ફુડ પેકેટ વિતરણ

## વટવા પોલીસ સ્ટેશન :-



# વાહનચોરીનો આરોપીની અટકાયતની વિગત

## ખોખરા પોલીસ સ્ટેશન :-

## ખોખરા પો.સ્ટે.વિસ્તારમા થયેલ અલગ અલગ ત્રણ રીક્ષા ચોરીઓના ગુનાઓના ભેદ ઉકેલી ચોરીમા ગયેલ ઓટો રીક્ષા સાથે એક ઇસમને પકડી પાડતી સર્વેલન્સ સ્ક્વોડ ખોખરા પોલીસ

નાયબ પોલીસ કમિશનરશ્રી,ઝોન-૫,તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા મીલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે ખોખરા પો.સ્ટે.પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વાય.એસ.ગામીત સાહેબશ્રીનાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પો.સ્ટે.સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી,આર.એન.ચુડાસમા તથા સ્ટાફના એ.એસ.આઇ.મહેશભાઇ ગંગારામ બ.નં.૭૫૯૮ તથા પો.કો.નિકુંજકુમાર જયકિશન બ.નં.૬૩૮૧ તથા પો.કો.અમરસિંહ ડાહ્યાજી બ.નં.૯૬૯૩ તથા લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ તથા લો.ર.સંજયકુમાર મેહુરભાઇ બ.નં.૯૬૮ માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા ખોખરા ભાઇપુરા નાકે આવતા સાથેના પો.કો.નિકુંજકુમાર જયકિશન બ.નં.૬૩૮૧ તથા લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ નાઓને તેમજ ચોક્કસ બાતમી હકીકત આધારે આરોપી ભાવેશભાઇ બળદેવભાઇ જાતે પુરબીયા ઉ.વ.૨૨ રહે.ઇશ્વરભુવાની ચાલી દિપ્તી ગેસ એજન્સીના ગોડાઉનની સામે ખોખરા અમદાવાદ શહેરનાને તેના કબ્જાની ઓટો રીક્ષા નંબર જીજે-૨૭-ટી-૫૯૧૯ સાથે રોકી સદરી ઇસમની યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા સદરીએ નીચે મુજબના ગુનાઓ કબુલાત કરેલાની કબુલાત કરતા જે આરોપીને ખોખરા પો.સ્ટે.ખાતે એ-પાર્ટ ૧૧૧૯૧૦૦૩૨૦૦૧૫૭/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ મુજબના કામે સદરી આરોપીને તા.૦૭/૦૫/૨૦૨૦ ના કલાક ૨૨/૩૦ વાગે પકડી અટક કરેલ છે

**સદરી આરોપી વિરૂધ્ધમા દાખલ થયેલ ગુનાઓ :-** નં.(૧)એ-પાર્ટ-૧૧૧૯૧૦૦૩૨૦૦૧૫૭/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ નં.(૨) એ-પાર્ટ-૧૧૧૯૧૦૦૩૨૦૦૪૮૦/૨૦૨૦ ઇપીકો કલમ ૩૭૯ નં(૩)એ-પાર્ટ-૧૧૧૯૧૦૦૩૨૦૦૪૮૨/૨૦૨૦ઇપીકોકલમ૩૭૯



# <u>ઘરફોડ ચોરીના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>ખોખર પોલીસ સ્ટેશન :-</u>**

## <u>રામોલ પો.સ્ટે. આદર્શ જવેલર્સ નામમા થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી ઘરફોડ ચોરી કરનાર આરોપીને મુદ્દામાલ સાથે કબજે કરતી ખોખરા પો.સ્ટે. સર્વેલન્સ સ્ક્વોડ</u>

નાયબ પોલીસ કમિશનરશ્રી,ઝોન-૫,તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા મીલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે ખોખરા પો.સ્ટે.પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વાય.એસ.ગામીત સાહેબનાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પો.સ્ટે.સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.શ્રી,આર.એન.ચુડાસમા તથા સ્ટાફના એ.એસ.આઇ.તેજપાલસિહ પુરણસિહ બ.નં.૭૭૨૮ તથા પો.કો..નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૧૩૫ તથા પો.કો.વિજયસિંહ અજમલભાઇ બ.નં.૮૦૦૩ તથા લો.ર.વિજયસિંહ રતનસિંહ બ.નં.૧૧૮૫૮ તથા લો.ર.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૧૪૬૪ તથા લો.ર.કુલદિપભાઇ રમેશભાઇ બ.નં.૧૨૨૮૬ માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા ખોખરા અનુપમ સિનેમા ત્રણ રસ્તા પાસે આવતા સાથેના પો.કો.વિજયસિંહ અજમલભાઇ બ.નં.૮૦૦૩ તથા લો.ર.કુલદિપભાઇ રમેશભાઇ બ.નં.૧૨૨૮૬ તથા લો.ર.સંજયસિંહ દેહાભાઇ બ.નં.૧૪૬૪ નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે આરોપીધર્મેશ દશરથભાઇ દંતાણી ઉ.વ.૨૪ રહે.બ્લોક નં-૦૯/૧૮૯ એકતા એપાર્ટમેન્ટ પ્રથમમાળ હાટકેશ્વર જુના બસ ડેપોની સામે અમરાઇવાડી અમદાવાદ શહેરનાને રોકી તેના કબ્જામાંથી ચાંદીના દાગીના અલગ અલગ ભાતના અલગ અલગ ડીઝાઇનના જે તમામનુ વજન ૦૧.કિલો ૯૩૦ ગ્રામ (એક કિલો નવસો ને ત્રીસ ગ્રામ) જેની અંદાજીત કિં.રૂ.૫૭,૯૦૦/- ગણી શકાય તેમજ ભગવાનની એલ્યુમીનીયમ મુર્તી નંગ-૦૭ મળી આવેલ જે ચાંદીની ના હોય જે એલ્યુમીનીયમ ધાતુની હોય જે તમામની કિં.રૂ.૩૫૦૦/- ગણી શકાય તેમજ સદરીના કબ્જાનું એકટીવા જોતા જેનો આર.ટી.ઓ.નંબર જોતા જીજે-૨૭-બીકે-૨૪૨૦ નો લખેલ છે, જેનો એન્જીન નંબર જોતા JF50EU6136229 તથા ચેસીસ નંબર જોતા ME4JF509 AHU136177 જેવો લખેલ વંચાય છે જે એક્ટીવા જુના જેવુ છે, જેની હાલની કિં.રૂ.૧૫,૦૦૦/- ગણી શકાય તથા ચાંદીના દાગીનાની કિં.રૂ.૫૭,૯૦૦/- તથા ભગવાનની એલ્યુમીનીયમની મુર્તીઓ નંગ-૭ જેની કિં.રૂ.૩૫૦૦/- તથા મો.ફોન નંગ-૧ કિં.રૂ.૫૦૦૦/- મળી કુલ્લે રૂ.૮૧,૪૦૦/- નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરી <u>રામોલ પો.સ્ટે. એ-પાર્ટ ૧૧૧૯૧૦૨૪૨૦૦૩૧૭ / ૨૦૨૦ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦</u> મુજબનો ગુનાનો ભેદ ઉકેલી શોધી કાઢી પ્રશન્સનીય કામગીરી કરેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૭૩/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬ કેસ કરી, ૬ વ્યક્તિઓને ઝડપી, ૨૨ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૭૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૭૭૫/૨૦૨૦**

**નિકોલઃ** સેજલબહેન હસમુખભાઇ પટેલ (રહે. મહાવિરનગર સોસાયટી દિવ્યપ્રભાની સોસાયટી સામે વિરાટનગર નિકોલ) એ તા.૦૮/૦૫/૨૦૨૦ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા પંદર દિવસથી તા.૦૮/૦૫/૨૦૨૦ ના રોજ સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ ઉતમનગરની સામે પુષ્પકુંજ સોસાયટી ખાતે આવેલ પોતાના મકાન નંબર ૪૪ ના મકાનનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૯૬,૦૦૦/-અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૧૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**સરદારનગરઃ** રોશન હરેશકુમાર અંગવાણી (રહે. બંગ્લા એરીયા સચદેવ દવાખાના સામે મીનાક્ષી ફલેટની બાજુમાં બંગ્લા એરીયા કુબેરનગર) એ તા.૦૮/૦૫/૨૦૨૦ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૫/૨૦૨૦ ક્લાક ૧૧/૦૦ થી તા.૦૮/૦૫/૨૦૨૦ કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા કુબેરનગર સિંધી બજારમા સત કવારામ પુતળાની સામે આવેલ પોતાની રાજેશ ઇલેકટ્રોનીક નામની દુકાનનુ શટર ઉંચુ કરી દુકાનની અંદર તથા બહારના ભાગે લગાવેલ બે કેમેરા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી એલ.ઇ.ડી. ટીવી નંગ-૧૭, હોમ થીયેટર નંગ-૩, લેપટોપ, મોબાઇલ ફોન, સોનાનુ પેડલ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૩૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.કે.મોથલિયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.